રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી સમિતિના સભ્યોની નિમણૂંક કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૧૯/૧૬૨૧/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૬/૧૧/૨૦૧૯

**વંચાણે લીધા:-**

**(૧)** કમિશ્નરશ્રી શાળાઓની કચેરીનો તા.૦૫/૧૧/૨૦૧૯નો પત્ર ક્રમાંક: માધ્ય/અનદ-૧/૨૦૧૯/૩૧૧૮.

**(૨)** વિભાગનો તા.૧૦/૦૨/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૦૯/૧૯૦૬/ગ

**(૩)** વિભાગના તા.૧૧/૦૨/૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક: જીએચ-એસએચ-૨ બીએમએસ ૧૧૦૯-૧૯૦૬-ગ.

**આમુખ:**

વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૩)ના જાહેરનામાંથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી કરવા માટેના નિયમો બહાર પાડવામાં આવેલ છે. આ જાહેરનામાંના નિયમ ક્રમાંક(૩)માં શિક્ષકોની ભરતી કરવા માટે એક પસંદગી સમિતિની રચના કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ પસંદગી સમિતિમાં વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના ઠરાવથી શાળા સંચાલક મંડળના પ્રતિનિધિ તરીકે શ્રી અંબુભાઈ પટેલની સમિતિના સભ્ય તરીકે નિયુક્તિ કરવામાં આવેલ હતી. તાજેતરમાં શ્રી અંબુભાઈ પટેલનું અવસાન થતાં, કમિશ્નરશ્રી શાળાઓની કચેરીએ વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના પત્રથી ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફ પસંદગી સમિતિમાં રાજ્ય શાળા સંચાલક મંડળના પ્રતિનિધિની નિયુક્તિ કરવા દરખાસ્ત કરેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટેની પસંદગી સમિતિમાં રાજ્ય શાળા સંચાલક મંડળના પ્રતિનિધિ તરીકે શ્રી નારણભાઈ પટેલની નિયુક્તિ કરવાની આથી સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે.

વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨)ના તા.૧૦/૦૨/૨૦૧૨ના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૪/૧૧/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(જે.એમ.મિસણ)
અધિક સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના:

- ❖ માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારુ.
- ❖ માન.મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, બીજો માળ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રીના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ❖ નિયામકશ્રી, કમિશનરશ્રી શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ❖ ઉપાધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- ❖ શ્રી હસમુખભાઈ દવે, ૫, વર્ધમાન ફ્લેટ, મેઘાણી રોડ, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧.
- ❖ શ્રી મહાદેવભાઈ દેસાઈ, સેવાકુંજ, સ્ટેશનરોડ, નવસારી-૩૯૩૪૦૫.
- ❖ શ્રી નારણભાઈ પટેલ, ૨૬, વૈષ્ણવ સોસાયટી, ભાવનગર હાઈવે, ધંધુકા, જિ.અમદાવાદ.
- ❖ સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.
- ❖ નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.
- ❖ સિલેક્ટ ફાઈલ.

૨૯.૧૧.૧૯